# ઢોલીડા હીચ લેવી છે Lyrics In Gujarati

હે ઓઢીને ઓઢણું ને લહેરાતું લેરિયું
હા ગરબે રમવાને ચિત્ત ચકડોળે ચડિયું
હે ઓઢીને ઓઢણું ને લહેરાતું લેરિયું
ગરબે રમવાને ચિત્ત ચકડોળે ચડિયું

હા રૂડી આ નવલી રાતે
મનના માનેલ સાથે
રૂડી આ નવલી રાતે
મનના માનેલ સાથે
ગરબે રમે મધરાતે
ઢોલીડા

ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીચ લેવી છે
ભારતલીરીક્સ.કોમ
ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીચ લેવી છે

હો અંગે અંગરખું ને પગે પગરખું
અંગે અંગરખું ને પગે પગરખું
કેડે કંદોરાનો લટકે છે ઝુમખુ

હા સૈયર સાથે હાલી થઇને રમવા ઘેલી
સૈયર સાથે હાલી થઇ ને રમવા ઘેલી
ગરબે રમે મધરાતે
ઢોલીડા

ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીચ લેવી છે
ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીચ લેવી છે

હો ઘીરદાર ઘાંઘરોને રંગદાર ચૂડી
હા ઘીરદાર ઘાંઘરોને રંગદાર ચૂડી
રંગમાં રમે જાણે ગોમડાની ગોરી

હા હરખે હાથ હિલોળે
પાડે સૌ સાથે તાલે
રુમઝુમ હાથ હિલોળે
પાડે સૌ સાથે તાલે
ગરબે રમે મધરાતે
ઢોલીડા

ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીચ લેવી છે
ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીચ લેવી છે
ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીચ લેવી છે.

*More Lyrics from Ram Audio*